| | |
|---|---|
| | રજુ તારીખ : ૦૯–૦૩–૨૦૨૬<br>દાખલ તારીખ : ૦૯–૦૩ –૨૦૨૬<br>ફેંસલ તારીખ : ૧૩– ૦૩ –૨૦૨૬<br>અવધિ : દિવસ માસ વર્ષ |
| | |

**ફોજદારી પરચુ.અરજી નં. ૧૮૬/૨૦૨૬.**

આંક–

## જુનાગઢના સેશન્સ જજશ્રીની કોર્ટમાં, મુ. જુનાગઢ.

**અરજદાર** **પીયૂષ ઉર્ફે જેરી ઉર્ફે ચરખો સ/ઓ રાજેશભાઈ કરશનભાઈ વાઢેર**
ઉ.વ.૨૦, ધંધો–મજુરી,
રહે. આંબેડકરનગર, શેરી નં.૩,
મેલડી મા ના મંદિર પાસે,
ધરાનગર, બીખા રોડ,
જુનાગઢ.
હાલ: જિલ્લા જેલ, જુનાગઢ.

**–:: વિરૂધ્ધ ::–**

**સામાવાળા.** ધી સ્ટેટ ઓફ ગુ જ રા ત

---

અરજદાર/આરોપી તરફે વિ.વકીલ : શ્રી પી.બી.પાનેરી
સામાવાળા શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી. : શ્રી ડી.સી.ઠાકર

---

**વિષય : ભારતીય નાગરિક સુરક્ષા સંહિતા કલમ–૪૮૩ મુજબ જામીન અરજી.**

**–: ઠ રા વ :–**

**(૧)** આ કામમાં જે એફ.આઇ.આર. રજુ છે તેમાં કોલમ નં.૧૨ માં નીચે મુજબની હકીકત જણાવેલી છે

'' આ ગુનાની હકીકત એવી છે કે, ''આ કામના ફરીયાદીના ભાઇ રણજીત અમારા મકાનની બહાર બેઠેલ હોય ત્યારે અમારા વિસ્તારમા આટા ફેરા કરતો વીશાલ ઉર્ગે બોકળી તથા હરેશ ઉર્ફે સ્પાઇશી જાદવએ ફરીયાદીના ભાઇ સાથે કોઇપણ બાબતે બોલાચાલી કરી ગાળો બોલી આ વિશાલ ઉર્ફે બોકળીએ ફરીયાદીના ભાઇ રણજીત ઉપર પોતાની પાસેની છરી વડે હુમલો કરતા તેને પેટના ભાગે ગંભીર ઈજા કરી તેમજ આ વીશાલને બચાવવા આવનાર પીયુશ રાજેશ વાઢેર તથા મયુર જમનભાઇ બાવાજી તથા ધવલ પારધી એ ફરીયાદીના ભાઇંને જાનથી મારી નાખવાની ધમકી આપી એકબીજાને મદદગારી કરી મે.અધિક જીલ્લા મેજી.સા.ના હથીયાર બંધી જાહેરનામાનો ભંગ કરી ગુન્હો કર્યા બાબત.''

**૧.૨** ઉપરોકત હકીકતના આધારે જુનાગઢ 'એ' ડીવીઝન પો.સ્ટે. ગુના રજી. નં. ૧૧૨૦૩૦૨૩૨૬૦૧૭૬/૨૬ બી.એન.એસ. ની કલમ-૧૧૮(૨), ૩૫૧(૩), ૨૯૬(બી), ૫૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબનો ગુનો રજી. કરવામાં આવેલ છે અને આરોપી તે ગુના સંદર્ભે જયુડીશ્યલ કસ્ટડીમાં હોવાથી હાલની જામીન અરજી બી.એન.એસ.એસ.ની કલમ-૪૮૩ હેઠળ જામીન મળવા અરજી કરવામાં આવેલ છે.

## (૨) જામીન અરજીની હકીકત :

આરોપી તરફે જામીન અરજીમાં નીચે મુજબની હકીકત જણાવેલ છે.

''**૨.૧** અમો આરોપી વિરૂધ્ધ ફરીયાદીનો પ્રાયમાફેસી કેસ નથી. આ કામના ફરીયાદીએ આરોપી વિરૂધ્ધ ખોટી ફરીયાદ આપેલ છે અને એફ.આઈ.આર જોતા પણ આરોપીનો પ્રથમ દર્શનીય રોલ જણાતો નથી.

**૨.૨** આ કામના અરજદાર ધ્વારા ફરીયાદીને કે તેના ભાઈને છરી વડે મારેલ નથી કે ગાળો આપેલ નથી કે કોઈ ને જાનથી મારી નાખવાની ધમકી આપેલ નથી કે ફરીયાદ મુજબનો કોઈ ગુન્હો અરજદારે કરેલ નથી. ફરીયાદીએ ખોટી રીતે

અરજદારને ફસાવેલ છે. અરજદારે ફરીયાદ મુજબનો કોઈ ગુન્હો કરેલ નથી અને અમો અરજદારને ખોટી રીતે અટક કરી ખોટી રીતે ફસાવેલ હોય તે સ્પષ્ટ જણાય આવે છે. જેથી પણ અમોને રેગ્યુલર જામીન મુકત કરવામાં આવે તો ન્યાયનુ હીત જળવાશે.

**૨.૩** આ કામે ફરીયાદ જોવામાં આવે તો પણ બનાવ તા.૦૪/૦૩/૨૦૨૬ નો જણાવે છે. જયારે ફરીયાદ તા.૦૫/૦૩/૨૦૨૬ ના રોજ કરેલ છે એટલે કે ૧ દીવસ બાદ પ્રિપ્લાનીંગ કરી ખોટી અને ઉપજાવી કાઢેલ ફરીયાદ કરેલ છે અને અરજદારને વિના કારણે હેરાન પરેશાન કરવાના ઈરાદે ખોટી રીતે ફસાવેલ હોવાનુ સ્પષ્ટ જણાઈ આવે છે, જેથી પણ રેગ્યુલર જામીન આપવામાં આવે તો ન્યાય નુ હીત જળવાશે.

**૨.૪** આ કામના અરજદાર મંજુરી કામ કરે છે અને ગરીબ વર્ગના વ્યકિત હોય તેમજ એફ.આઈ.આર જોતા પણ આ કામના અરજદારનો કોઈ પ્રાઈમાફેસી રોલ જણાતો નથી તેમજ આ ટ્રાયલ ઘણો લાંબો સમય ચાલે તેમ હોય અને જો અરજદાર લાંબો સમય જયુડી. કસ્ટડીમાં રહેશે તો તેમના માનસ ઉપર ખુબજ વિપરીત અસર થાય તેમ છે. આ કામના અરજદાર નાની ઉમરના છે તેમજ આ કામના અરજદાર ઘરમા મુખ્ય કમાવરનાર વ્યકિત છે અને પરીવારનુ માંડ માંડ ગુજરાન ચલાવે છે. તેમના કુટુંબ કબીલાની જવાબદારી અરજદાર ઉપર છે જેથી તેના પરીવાર ઉપર પણ ખુબજ ખરાબ અસર થાય તેમ હોય જેથી પણ તેમને રેગ્યુલર જામીન ઉપર મુકત કરવામાં આવે તો ન્યાયનુ હીત જળવાશે.

**૨.૫** અમો અરજદાર આ કામે પોલીસને તપાસના કામે સહકાર આપશુ જેથી પણ અરજદારને જામીન ઉપર મુકત કરવામાં આવે તો ન્યાયનુ હીત જળવાશે.

**૨.૬** અમો આરજદાર ઉપરોકત સરનામે કાયમી રહેવાસી છીએ, તેમજ કયાંય નાસી ભાગી જઈએ તેમ નથી. જેથી પણ અમોને જામીન ઉપર મુકત કરવામાં આવે તો ન્યાયનુ હીત જળવાશે.

**૨.૭** અમોને જામીન ઉપર મુકત કરવામાં આવશે તો નામદાર કોર્ટ જે જે શરતો ફરમાવશે તે તે શરતોનું ચુસ્ત પણે પાલન કરવાની આથી બાહેંધરી આપીએ છીએ, જામીન પર મુકત કરવા માટે હુંકમ કરવા નમ્ર અરજ છે.''

**(૩) ત.ક.અમલદારનું સોગંદનામુ :–** તપાસ કરનાર અમલદારે આંક–પથી સોગંદનામુ રજુ કરેલ છે તેમાં પેરા–૩૬ વિશેષ વિગતમાં બનાવ કઇ રીતે બન્યો વગેરેની વિગત રજુ કરેલી છે અને તે નીચે મુજબ છે.

''**૩.૧** આ કામના અરજદાર/આરોપીઓની આ કામમાં સંડોવણી હોવાના પુરતા અને મજબુત પુરાવા તપાસ દરમ્યાન મળેલ છે.

**૩.૨** આ કામના અરજદાર/આરોપીનુ નામ એફ.આઇ.આરમાં પ્રથમથીજ છે તેમજ આ કામે ભોગબનનાર અને આરોપી એક જ વિસ્તારમા રહેતા હોય અને ભોગબનનારે ઓળખી બતાવેલ હોય, જેથી અરજદાર/આરોપીને ખોટી રીતે સંડોવી દેવાનો કોઈ પ્રશ્ન ઉપસ્થીત થતો નથી તેમજ આ કામેના અરજદાર/આરોપી અગાઉ પ્રોહીબીશન તથા મારામારીના ગુન્હામા પકડાયેલ છે.

**૩.3** આ કામના અરજદાર/આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય જે આધારે તેને અટક કરવામાં આવેલ હોય અને અરજદાર/આરોપી વિરૂધ્ધ અગાઉ પ્રોહિબીશન તથા મારામારીનો ગુન્હા પણ દાખલ થયેલ છે જેનુ પત્રક પેટામાં સામેલ છે. આ રીતે જોતા આ અરજદાર/આરોપી ગુન્હાહીત માનસ અને ઈતીહાસ ધરાવતા હોય તેમનું આ કૃત્ય જોતા અરજદારને જામીન મુકત નહી કરવા વિનંતી છે.

**૩.૪** આ કામેના અરજદાર/આરોપીનું એફ.આઇ.આર.મા પ્રથમથી જ નામ છે અને ગુન્હો કરી નાશી ગયા બાદ આ કામે તેને અટક કરી નામદાર કોર્ટ કસ્ટડીમા મોકલવામા આવેલ છે અને આ ગુન્હાના કામે મુખ્ય આરોપી સહીત બે આરોપીઓને ગુન્હામાં ઉપયોગમાં લીધેલ હથીયાર સાથે પકડવાના બાકી છે. જેથી અરજદાર/આરોપીને જામીનપર મુક્ત કરવો હિતાવહ નથી.

**૩.૫** આ કામેના અરજદાર/આરોપીનો જામીનપર મુક્ત કરવામાં આવશે તો તે ફરી સામાન્ય લોકોને હેરાન પરેશાન કરી ઝગડો કરશે અથવા ફરી મારામારી જેવા ગુન્હા કરી સુલેહ શાંતીનો ભંગ કરશે તેવી શક્યતા નકારી શકાય તેમ નથી. જેથી જામીનપર મુક્ત નહી કરવા વિનંતી છે.

**૩.૬** આ કામેના ગુન્હાની તપાસ ચાલુ છે અને મુખ્ય આરોપી પોતાની અટક ટાળવા સારૂ નાસ્તો ફરતો છે જેથી આ કામના અરજદાર/આરોપીને જામીન મુક્ત કરવા ન્યાયના હિતમા ન હોય જેથી અરજદાર આરોપીની જામીન મુક્ત કરવો હિતાવહ નથી.

**૩.૭** આ કામના ઈજાપામનાર/ભોગબનનાર હાલ સારવાર હેઠળ હોસ્પીટલમા હોય અને તેની સારવાર ચાલુ હોય જેથી આ કામના અરજદાર/આરોપીને જામીન મુક્ત કરવો હિતાવહ નથી.

**૩.૮** આ કામના અરજદાર/આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો હોય જે આધારે તેમને અટક કરવામાં આવેલ હોય અને જામીનપર મુક્ત થયા બાદ દુર ભાગી જાય અથવા કોર્ટ મુદ્દતે હાજર ન રહે અથવા ફરી ગુન્હો કરે તેવી શક્યતા નકારી શકાય તેમ ન હોય, જેથી અરજદારને જામીન મુકત નહી કરવા વિનંતી છે.

**૩.૯** આ કામના અરજદાર/આરોપી વિરૂધ્ધ અગાઉ ત્રણ ( ૨ ) જેટલા ગુન્હાઓ રજી થયેલ છે જે ગુન્હાઓનુ લીસ્ટ પ્રિન્ટ આઉટ મેળવી આ સાથે સામેલ રાખવામાં આવેલ છે

તેમજ આ ગુન્હાના કામના અરજદાર/આરોપીએ ગુન્હામા મદદ કરેલના પુરતા પુરાવાઓ હોય અને આ કામના આરોપીઓ એકબીજાને મદદ કરી ગુન્હા કરવાની ટેવ વાળા હોય જેથી આરોપીને જામીન પર મુકત કરવામાં આવશે તો અરજદાર/આરોપી આ કામના ફરી./ભોગબનનાર અને સાહેદોને ડરાવે ધમકાવે કે પુરાવાનો નાશ કરે તેવી પુરેપુરી દહેશત હોય તેમજ અરજદાર/આરોપીને જો જામીન મળશે તો આ પ્રકારના ગુન્હા કરવાનુ પ્રોત્સાહન મળશે અને જો અરજદાર/આરોપીને જામીન મુકત કરવામા આવશે તો ફરીથી જાતેથી આવા પ્રકારના ગુન્હા કરશે તેવી પુરેપુરી શકયતા છે. અને આ કામેના ગુન્હામાં જરૂર પડ્યે હાજર નહી થાય અને પોલીસ તપાસમાં પણ ખલેલ પહોંચાડશે અને કેસ ચાલતા દરમ્યાન જરૂરત પડયે મળી આવશે નહી અને કોર્ટ મુદતે હાજર રહેશે નહી જેથી અરજદાર/આરોપીને જામીન પર મુકત કરવા ન્યાયના હીતમાં ઉચીત અને યોગ્ય ન હોય જેથી અરજદાર/આરોપી પીયુશ ઉર્ફે ઝેરી ઉર્ફે ચરખો રાજેશભાઇ વાઢેર જાતે.અનુ.જાતી ઉવ.૨૦ ધંધો.વેપાર રહે.જુનાગઢ ધરાનગર શેરી નં.૩ મો.નં. ૬૩૫૩૦૦૧૩૪૨ વાળાને જામીન ઉપર મુકત નહી કરવા અમારી આપ નામદાર કોર્ટને નમ્ર અરજ છે.''

## (૪) આરોપીના વિ. વકીલશ્રીની દલીલ :

**૪.૧** અરજદાર/આરોપીના વિધ્વાન વકીલશ્રીએ દલીલોમાં જામીન અરજીની હકીકતોને મોટા ભાગે પુનરાવર્તન કરેલ છે.

## (૫) વિ. એ.પી.પી.શ્રીની દલીલ :

**૫.૧** વિ. એ.પી.પી.શ્રીએ દલીલ કરેલ છે કે, હાલના અરજદારનો એકટીવ રોલ પ્રથમદર્શનીય રીતે પુરવાર થાય છે તેથી જામીન અરજી નામંજુર કરવા દલીલ કરેલ છે.

## (૬) જામીન અરજી નિર્ણિત કરવાના કારણો :

**:૧:** આ કામમાં આરોપી સામે જુનાગઢ 'એ' ડીવીઝન પો.સ્ટે. ગુના રજી. નં. ૧૧૨૦૩૦૨૩૨૬૦૧૭૬/૨૬ બી.એન.એસ. ની કલમ-૧૧૮(૨), ૩૫૧(૩), ૨૯૬(બી), ૫૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબનો ગુનો રજીસ્ટર્ડ થયેલ છે.

**:૨:** આ કામમાં હાલના આરોપી સામે બી.એન.એસ.ની કલમ-૧૧૮(૨), ૩૫૧(૩), ૨૯૬(બી), ૫૪ તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબનો આક્ષેપ છે.

**:3:** આ કામમાં જે હકીકત છે તે નીચે મુજબ છે.

''ગઈ કાલ તા.૦૪/૦૩/૨૦૨૬ ના રોજ ધુળેટીઓ તહેવાર હોય જેથી અમોએ અમારી દુકાન બંધ રાખેલ હતી અને રાત્રીના સાડા દશેક વાગ્યે હુ મારા ઘરના ડેલા પાસે બેઠો હતો અને મારો નાનો ભાઈ રણજીત તેના મીત્ર નગાભાઈ સરમણભાઈ રાડા રહે પાદરીયા વાળા સાથે અમારી દુકાનની બહારના ભાગે આવેલ ઓટલા ઉપર બેસી વાતો ચીતો કરતા હોય ત્યારે અમારા વીસ્તારમા આટા ફેરા કરતો વીશાલ ઉર્ફે બોકડી દીલીપભાઇ વાઢેર તથા હરેશ ઉર્ફે સ્પાઇશી જાદવ બર્ગમેન લઈને અમારી દુકાન પાસે આવેલ અને મારો ભાઇ રણજીત ત્યા બેઠેલ હોય તેની સાથે કોઇપણ વાત કરી મારા ભાઇને ગાળાગાળી કરવા લાગેલ જેથી મારા ભાઇએ આ વીશાલ ઉર્ફે બોકળીને ગાળો બોલવાની ના પાડતા આ વીશાલ મારા ભાઇ ઉપર એકદમ ઉશ્કેરાઇ ગયેલ અને પોતાની પાસેની છરી વડે મારા ભાઇ ઉપર હુમલો કરતા મારા ભાઇના પેટના ભાગે લાગી જતા તેને લોહી નીકળવા લાગેલ અને ત્યારે રાડો રાડ દેકારો થતા હુ તથા મારી પત્ની તથા મારી મા તથા બીજા માણઓ ભેગા થઇ મારા ભાઇ રણજીતને વધુ માર માથી છોડાવેલ અને બૈરાઓએ આ વીશાલને તેની પાસેથી છરી સાથે પકડી લીધેલ ત્યારે વીશાલ સાથેનો હરેશ ગાળો બોલતો બોલતો

બર્ગમેન લઈ ત્યાથી જતો રહેલ અને થોડી જ વારમા હરેશ લઈ ગયેલ તે બર્ગમેન લઈ પીયુશ રાજેશ વાઢેર તથા મયુર જમનભાઈ બાવાજી તથા ધવલ પારઘી ત્યા આવેલ અને આ ત્રણેય જણા તથા વીશાલ અમોને જેમ ફાવે તેમ ભુંડી ગાળો બોલી ધમકી મારતા હતા કે આજે તો રણજીત બચી ગયેલ પણ હવે પછી અમને મોકો મળશે તો રણજીતને જાનથી પતાવી દેશુ તેવી ધમકી મારતા હુ તથા ત્યા હાજર બૈરાઓને બીક લાગતા વિશાલ બોકળી તથા ધવલ પારઘી તથા મયુર બાવાજી બર્ગમેનમા બેસી ત્યાથી ભાગી ગયેલ હતા.''

**:૪:** આમ, ઉપરોકત હકીકત જોતા ફરીયાદી મયુરભાઈના ભાઈ જે ઈજા પામનાર છે તેઓને ઈજા આરોપી વિશાલભાઈએ કરેલ છે અને તે વખતે આરોપી વિશાલ સાથે આરોપી હરેશભાઈ આવેલ હતા અને ઉપરોકત હુમલો કર્યા બાદ આરોપી વિશાલ અને હરેશભાઈ સ્થળ ઉપરથી ગયા બાદ હાલના અરજદાર સ્થળ ઉપર આવેલા છે અને તેઓએ આ ઈજા પામનાર રણજીતભાઈને કોઈ ઈજા કરી હોય તેવી હકીકત નથી પરંતુ ગાળો અને ધમકી આપ્યાની હકીકત છે અને તેથી જે મુખ્ય બનાવ છે તેમાં હાલના તબકકે હાલના આરોપીનો કોઈ રોલ નથી પરંતુ મુખ્ય બનાવ બાદનો જે બનાવ છે તેમાં ધમકી અને ગાળ અંગેનો આક્ષેપ છે તે સંજોગોમાં ખાસ કરીને આ આરોપીનો રોલ જોતા અને જયારે મુખ્ય બનાવ બનેલ તેમાં હાલના આરોપીની હાજરી હતી તેવી કોઈ હકીકત ફરીયાદમાં નથી અને તેની સાથે આરોપીને બેલ નો જેલનો સિધ્ધાંત લક્ષમાં લેતા હાલના આરોપીને જામીન ઉપર મુકત કરવા ન્યાયીક જણાતુ હોય જેથી નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

## ::હુકમ::

(૧) અરજદાર/આરોપી પીયુષ ઉર્ફે જેરી ઉર્ફે ચરખો સ/ઓ. રાજેશભાઈ કરશનભાઈ વાઢેર, રહે. જુનાગઢ નાઓની ભારતીય નાગરીક સુરક્ષા સંહિતાની કલમ–૪૮૩ મુજબની જામીન અરજી આથી ''મંજુર'' કરવામાં આવે છે.

(૨) અરજદાર/આરોપીએ રૂા. ૨૫,૦૦૦/– (અંકે રૂપિયા પચ્ચીસ હજાર પુરા) ના સ્વતંત્ર સધ્ધર જામીન તથા તેટલી જ રકમના જાત મુચરકા ટ્રાયલ અદાલત સમક્ષ રજુ કર્યેથી જુનાગઢ 'એ' ડીવીઝન પો.સ્ટે. ગુના રજી. નં. ૧૧૨૦૩૦૨૩૨૬૦૧૭૬/૨૬ બી.એન.એસ. ની કલમ– ૧૧૮(૨), ૩૫૧(૩), ૨૯૬(બી), ૫૪ તથા જી.પી.એકટની કલમ–૧૩૫ ના કામે નીચેની શરતોને આધીન જામીન ઉપર મુકત કરવાનો હુકમ કરવામાં આવે છે.

**:: શ ર તો ::**

**(૧)** અરજદાર/આરોપીએ ફરીયાદના સાક્ષીઓને ધાક–ધમકી, લાલચ આપવી નહીં કે ફોડવાનો દસ્તાવેજી પુરાવા સાથે ચેડા કરવાનો પ્રયત્ન કરવો–કરાવવો નહીં.

**(૨)** અરજદાર/આરોપીએ ટ્રાયલ દરમ્યાન દરેક મુદતે કોર્ટ સમક્ષ નિયમિત હાજર રહેવુ.

**(૩)** અરજદાર/આરોપીએ ફોટો આઈડેન્ટીટી પ્રુફ ધરાવતા જામીન રજુ કરવા.

**(૪)** અરજદાર/આરોપીએ પોતાનું કાયમી તથા હાલનું રહેઠાણનું નામ–સરનામુ આઈડેન્ટી પ્રુફ સાથે રજુ કરવુ અને ટ્રાયલ અદાલતની પુર્વ પરવાનગી વગર તેમાં કોઈપણ પ્રકારનો ફેરફાર કરવો નહીં તેમજ પોતાનો મોબાઈલ કે ટેલીફોન નંબર ધરાવતા હોય તો તે પણ ટ્રાયલ અદાલત સમક્ષ જાહેર કરવો.

**(૫)** અરજદાર/આરોપીએ પાસપોર્ટ ધરાવતા હોય તો દિન–૩ માં પાસપોર્ટ અત્રેની અદાલત સમક્ષ રજુ કરવો. જો, પાસપોર્ટ ન ધરાવતા હોય તો તે સંબંધે સોંદનામુ કરવુ તેમજ કોર્ટની પુર્વ પરવાનગી વગર ભારત દેશની હદ છાડવી નહીં.

(૬) અરજદાર/આરોપી/જામીનદાર જો આધાર કાર્ડ ધરાવતા હોય તો તેની નકલ રજુ કરવી અને જો તે ન હોય તો તે અંગેનું સોગંદનામુ કરવુ.

(૭) આરોપીએ જામીન ઉપર મુકત થયાથી ત્રણ મહિના સુધી ટ્રાયલ અદાલતની પુર્વ પરવાનગી સીવાય જુનાગઢ જિલ્લાની હદમાં પ્રવેશ કરવો નહીં અને ઉપરોકત સમય દરમ્યાન આરોપી કયાં રહેવાના છે તેના સરનામાની વિગત સોગંદ ઉપર ટ્રાયલ અદાલતમાં રજુ કરવાની રહેશે. હાલના અરજદાર કોઈ અદાલતી કાર્યવાહીમાં કોઈ અદાલતમાં હાજર રહેવા માટે કે હાલના કેસમાં તપાસ એજન્સી સમક્ષ હાજર રહેવા માટે અદાલતની પવાનગી વગર હાજર રહી શકશે. વધુમાં, અરજદારે કોઈ આકસ્મીક સંજોગોમાં ઉપરોકત સમયમાં જુનાગઢ જિલ્લાની હદમાં પ્રવેશ કરવાનો પ્રસંગ ઉદભવે તો આરોપી પુર્વ પરવાનગી સીવાય હાજર રહી શકશે પરંતુ, આ રીતે હાજર રહયાના ૭૨(બોતેર) કલાકમાં ટ્રાયલ અદાલત સમક્ષ તેની જાણ કરવી પડશે. વધુમાં, અરજદાર આ સમય દરમ્યાન જે મોબાઈલ ફોન વાપરવાના હોય તે મોબાઈલ ફોનની વિગત અત્રેની અદાલતને તથા તપાસ કરનાર અમલદારને પુરી પાડવી.

ત.ક.અ. એ આ અરજદાર જે મોબાઈલ નંબરની વિગત આપે તે મોબાઈલ નંબરની વિગત ઉપરથી યોગ્ય સમયે તેનું લોકેશન કયાં આવે છે તેની તપાસ કરી કયારે, કયારે ચેક કરી તેનો દર ૧૫ દિવસે રીપોર્ટ ટ્રાયલ અદાલતમાં તપાસ કરનાર અમલદારે કરવાનો હુકમ કરવામાં આવે છે અને જો, લોકેશન ચાર્જશીટ પહેલા જુનાગઢ જિલ્લાની રેવન્યુ હદમાં માલુમ પડે તો તેની વિગત ટ્રાયલ અદાલતમાં રજુ કરવી અને ટ્રાયલ અદાલત તે અંગે જામીન કેન્સલ સુધીનો યોગ્ય ન્યાયીક નિર્ણય લઈ શકશે.

(૮) આરોપીએ પોતે જે સ્થાવર મિલકત ધરાવતા હોય તે સ્થાવર મિલકતની વિગત પુરાવા સાથે અને સોગંદ ઉપર ટ્રાયલ અદાલતમાં રજુ કરવી.

હુકમ:- આજ તા. ૧૩મી, માહે. માર્ચ, સને ૨૦૨૬ ના રોજ વાંચી, સંભળાવી, સહી કરી, ખુલ્લી અદાલતમાં જાહેર કરવામાં આવેલ છે.

તા.૧૩/૦૩/૨૦૨૬
ર્સ્થળ: જુનાગઢ

**(ભુપેન્દ્રકુમાર જી. દવે)**
સેશન્સ જજ,
ડીસ્ટ્રીકટ એન્ડ સેશન્સ કોર્ટ, જુનાગઢ
(કોડ નં.જીજે.૦૦૪૬૯)